श्री सत्यवादी हरीश्चंद्र सत्य विजय नाटकनां गायनो.


રચનાર.

માહારાજ રામચંદ્ર માધવદાસજી.

છપાવનાર.

જીવાભાઈ વલ્લવભાઈ પટેલ. મુ૦ ગાડા.

પ્રત ૨૦૦૦




આવૃત્તી ૧ લી.

અમદાવાદમાં.

માજી આ૦ સેક્રેટેરી મી૦ ત્રીભૂવનદાસ બાપાલાલના મકાનમાં આવેલા "ત્રીભૂવન પ્રીન્ટીંગ પ્રેસ"માં ત્રીભૂવન કશીભાઈ બારોટે છાપ્યું.

કિંમત રૂ. ૦-૨-૦



અર્પણ પત્રીકા.



પ્રીય મીત્ર માહારાજ વ્યંકટદાસ

શ્રી યમુનાંદાસજી.

આપ શ્રીના નીર્મળ અંતઃકરણમાં ઈશ્વર ભક્તી દયા દાન
પરોપકાર બુદ્ધિ એવા ઉત્તમ ગુણો આપનામાં
બાલ્યાવસ્થામાંથીજ મારા જાણવામાં છે.
ને આપ ધર્મ સબંધી કાર્યોમાં તથા
વિદ્યા વિનોદમાં ઘણા ઉત્કંઠીત થૈ
પ્રેમ મીત્રોમાં નીતિ ઉપજા-
વોછો એવું જાણી આ પુ-
સ્તક રચી મીત્રના દ-
ર્શાવાને અર્પણ
કરૂંછું.

લી૦ મીત્ર.

રામચંદ્ર માધવદાસજી.



૫૬૩૧

मंगळा चरण.

રાગ કલ્યાણ.

સર્વ પાત્રો—જય અખીલ ભુવન પતી, પ્રભુ આપ સંત મતિ;
શેષ સહસ્ર રટત મુખ, વેદ વાકયથી. ટેક:—૧
જે જગત કારણુ તારણુ આપે, ભોમી ઉતારણુ ભાર;
યદુ વંશમાં આપ પધારી, કંસ હણ્યો નીરધાર. જય૦ ૨
ચંદ્ર વંશમાં નરતનુધારી, લીલા કરી વિસ્તાર;
ગોકુળમાં આવી પૃતનાને, આપ્યો નીજ ઉદ્ધાર. જય૦ ૩
ભકતાનુગ્રહ આપ કહાવો, કૃપા તણા નીજ ધામ;
હરીશ્ચંદ્ર આ નાટક રચવા, મનમાં ધારૂં હામ. જય૦ ૪

अंक १ लो.

પ્રવેષ ૧ લો.

સ્થળ. સ્વર્ગમાં ઇંદ્રની કચેરી.

પ્રતિહાર—મહારાજા, રૂશી વશીષ્ઠ પધારે છે.

ઇંદ્ર—મહાન્ રૂશી, પધારીએ, આપના પધારવાથી આજે આનંદ થયો.

વશીષ્ઠ—ગીતી દીન દીન પ્રતાપ પ્રસરો, અચળ થઈ ઇંદ્રાસનને શોભાવો;
સુખ પામો દુઃખ વામો, અમર સૌ સુખીઆ થાઓ.

પ્રતિહાર—મહારાજા, રૂષી વિશ્વામીત્ર પધારે છે.

ઇંદ્ર—પધારીએ રાજ રૂષી, મહારાજા, ઉગ્ર તપ કરવામાં આપનાથી કોઈ વધી શકે તેમ નથી. આપનું તપ પૂર્ણ માશીના ચંદ્ર સમાન પ્રકાશક તો છે.

વિશ્વામીત્ર—ગીતી. અહો દેવના રક્ષક, તારી શક્તિની બીક અસુરને થાઓ;
વજ્ર ધનુષ જોઈ તારૂં શત્રુને ભય ઉપજાવો.
વારાંગના પ્રવેશ કરીને—રાગ ઠુમરી [illegible].
રસીઆ રસીલી છબી આનંદ [illegible],
બીકટ ભ્રૂકુટી સુભ મેરે મન ભાવે. ટેક.—
શીરપર મુગટ કુંડળ શોભે, નયન ચકોર ચપળ [illegible]. રસી૦
અચળ બની રહો સુરપતિ સુરપુર, દીન દીન [illegible]. રસીઆ.
નારદ રૂષી—અંતરીક્ષ ગાતા ગાતા પ્રવેશ કરે છે.

રાગ આશા [illegible].

ભવપતિ ભજ ભય હરજે, મન [illegible]. ટેક
જે જગ કારન તારન આપે, [illegible] તુ.
સુરનર મુની ધ્યાન ધરે છે, [illegible] તુ.
ઇંદ્ર નારદજી પ્રત્યે—મહારાજ. આપ [illegible], [illegible] પાતાળ વગેરેમાં ગમન કરોછો; તો હું આપને કંઈ [illegible] રાખુંછું.
ગીતી—આગમાગામી મુનીવર, પૂછું આજે પ્રશ્ન હું ધારી;
મૃત્યુ લોકની માંહે, કહો કોણ છે ગુણ ધરમ ધારી.
નારદજી—નાથ કેસે ગજકો બંધ છોડ [illegible] રાગ.
નથી હરીશ્ચંદ્ર સમો નૃપ ક્યાંહી, [illegible] માંહી. નથી ટેક.—
સૂર્યવંશી પુરપુરનું ભુષણ, ધારણ છે [illegible];
પુત્ર ત્રીશંકનો અવધપતી છે, [illegible], નથી.
સત્યને એ નીજ સુખ ગણે છે, [illegible];
કર્મ કુકર્મ તણો હરનારો, સુકર્મને સુખદાઈ; નથી.
ગૌ બ્રાહ્મણ પ્રતિ પાલન કરવા. તન મન ધન દીએ ધાઈ;
દાનીનો એકજ અવતાર્યો. [illegible] ગાઈ. નથી.

વશિષ્ઠ—[ગદ્ય] ઈંદ્ર તેમજ છે, હરીશ્ચંદ્ર સત્યાનુરાગી છે. તેમજ ધર્મનું રક્ષણ કરનાર, દુષ્ટને દંડ દેનાર, અને અનાથને આશ્રય આપનાર છે.

વિશ્વામીત્ર—ક્રોધાયુક્ત ઉભા થઈને—ઠીક, ઠીક, બહુ સારૂં કહ્યું, તમારામાં સત્યનો લેશ છે નહીં; તો હરીશ્ચંદ્રમાં ક્યાંથી હશે. શું? તમારો શીષ્ય છે તેમાં. એતો સદા જુઠું બોલનારજ આવ્યો છે.

વશીષ્ટ—વિશ્વામીત્ર, આપનું બોલવું વૃથા છે; આપને ચાહે તેમ કરો.

વિશ્વામીત્ર—સુરપતી હું કહું છું, જો હરીશ્ચંદ્રનું સત્ય ન છોડાવું તો મારૂં બધુ તપ વશીષ્ટને જાય.

રાગ ભૂલી કલંકનો.

સુણ સુરપતિ મારૂં વચન, વદીને મુખ સાચુ કહુંરે. ટેક.
જો કોપું હું તો ફોડું બ્રહ્માંડ, વદીને.
મારો કોપ છે ફરસી ધાર, વદીને.
મને છેડવાથી પામે ન ઉદ્ધાર; વદીને.
શું વદે છે વશીષ્ઠ વારંવાર, વદીને.
તેનુ છોડાવું હું સત્ય આણી વાર, વદીને મુખ સાચુ કહુંરે.

[હરીશ્ચંદ્રને અસત્યાનુરાગી કરવા વિશ્વામીત્રને ક્રોધ કરી જવું.]

વિદુષક— **મારા કાજી સાહેબ એ રાહ.**

મારા મોટા મુની, મારા મોટા રૂષી, છોડી કુરીત સુરીત ગ્રહો; ટેક.
કામ ક્રોધમાં આપ ભર્યા છો, જગ બોલે કહેવાઈ;
અભિમાનમાં અંધ બનીને, ભુલ્યા છો ભલાઈ; મારા.
હેમત ડોળ કરીને રૂઠો, દગલા કરી દગાઈ;
પરનિંદામાં પેહેલો નંબર, નથી સુકતા ભાઈ; મારા.
નિત તજી નવરી મોગલમાં, લડો કરી લડાઈ;
છોડે આખલા આપ બળેથી, ગ્રહી તજી ગુરાઈ; મારા.

આ વખતે છાજેછે સર્વે, પણ આગળ દુઃખદાઈ;
કળીયુગમાંહી કોણ માનશે; રેહેશો ખત્તા ખાઈ; મારા.

अंक २ जो.

પ્રવેશ ૧ લો.

સ્થળ અવધપુરમાં હરીશ્ચંદ્રની કચેરી.

છડીદાર—ખમા, મહારાજા ધીરાજ સૂર્યવંશી પ્રણતપાળ છત્રપતીને ઘણી ખમા.

પ્રધાન—ગરીબપરવર, આપને હું જુહાર કરૂંછું.

હરીશ્ચંદ્ર—અયે કમ જાત પીંગળા તેને ભોત દગા દીઆ, એ ઢાળ.—

કહો પ્રધાન શાણા મારા, વાત એ તમો;
રાજ નીતિ કેવી ચાલે, પૂછીએ અમો. ટેક.
મમ પ્રજા સુખી કે દુઃખી, કહો તમો ખરે;
વન વિષે રૂપી કેવું, વ્રત આદરે; કહો પ્રધાન.
નીતિ પ્રીતિ રીતિ મારી, વર્ણવી કહો;
કષ્ટ નીતિ કાપીને, સુનીતિને ચહો. કહો પ્રધાન.

પ્રધાન સત્ય કીર્ત્તી— રાગ ઉપરનો.

મહારાજ આપ રાજ્યની, પ્રજા સુખી ઘણી;
દુઃખ ન લવલેશ દીસે, અયોધ્યા ધણી. ટેક.
સર્વના સંતોષથી, દિવસ જાય છે;
સુભ યજ્ઞ આપ રાજ્ય માંહી થાય છે. મહા.
વિદ્યાની વૃદ્ધિ અધિક, નીત્ય થાય છે;
વેદ શાસ્ત્રની તંત્રાંતો, ધુન્ય ગાય છે. મહા.
નીતિ રાજ્ય આપનું, અસત્ય નહિં જરી;

સાચી માનો આપ વાત, ઉરમાં ધરી. મહા.

વારાંગના પ્રવેશ કરે છે—**રાગ ઠુમરી નાચની.**

મન મોહ્યું સહુંના તેરી બતીઆંમાંરે, અવધપુરના રાજીઆ; મન. ટેક.
બતીઆં તેરી કામનગારી, હીયાજીયા કરત સાખી બલજોરીરે; અવ૦
શીરપર મુગટ કુંડળ શોભે, અંગે ભૂષણ ધરેસે ગતી મેરી હરીરે; અવ૦
સુજશ જગમાં છાઈ રહ્યોહે, આપ રાજ્ય તપો જ્યાંહાં ભાનૂ તપેરે; અવ૦

હરીશ્ચંદ—પ્રધાનજી, આ વારાંગનાને ઇનામ આપો. પ્રધાન ઇનામ આપે છે, તે લઈ વારાંગના જાય છે.

ત્યાર પછી વિશ્વામીત્રની આજ્ઞાથી વનવાશીઓ સુવર્ણ યાચના કરવા આવે છે.

રાગ લાવણી.

વનવાશી—અમે આવ્યા આપની પાસ, ભાનુકુળ રાજા;
કર વિજય શબ્દનું કામ, રાખી શીર માન્ન.
મુની કૌશીક કરે છે યજ્ઞ, મન હુલ્લાસે;
આવ્યા સુવર્ણ માગણી કાજ આજ તુંજ પાસે.

હરીશ્ચંદ્ર—

રાગ પીલુ-

કૌશીક રાજ હરશ ઉર આણી, કામ બજાવું ફરજ સુજ જાણી ટેક.
તન મન ધનથી હુકમ ઉઠાવું, આપ તપસ્વી પ્રભાવ પ્રમાણી. કૌશીક.
દાસ સદા હું આપ તણોછું, હાજર થાઉં કરો જહાં વાણી. કૌશીક૦
વેચ્યો તમારો વેચાઉં વિના જર, મુસ્તક આપુ નીજ હાથે ઉતારી. કૌ.

હરીશ્ચંદ્ર—(પ્રધાનજી, આપણા ખજાનામાંથી જેટલું સુવર્ણ જોઇએ તેટલું આપો.)

પ્રધાન—પધારો રૂશીશ્વર, આપને સુવર્ણનો ખપ પડે તેટલું લ્યો.

વિશ્વામીત્ર—ધન્ય હરીશ્ચંદ્ર આપનાં નિતિનાં વચનો સાંભળી હું બહુ ખુશી થયોછું. પરંતુ મારૂં વચન એટલુંજ છે કે જ્યારે મારે સુવર્ણ જોઇશે

આરે લઇશું. ત્યાં સુધી તમારે સ્વાધીન રાખો. પરંતુ સંકલ્પ કરો. તે સંકલ્પ કરે છે ને વિશ્વામીત્ર વિદાય થાય છે.

(ગદ્ય) વિશ્વામીત્રના મોકલેલા માયાવી પ્રાણીઓ અયોધ્યાની સીમમાં ગરબડ મચાવે છે.

પ્રવેશ ૨ જો.

સ્થળ હરીશ્ચંદ્રનો દરબાર ખેડુતો ફરીયાદ કરે છે.

ખેડુતો—જયજય મહારાજા ત્રાહી ત્રાહી.

હરીશ્ચંદ્ર—રાજ્ય ભક્તો તમારે શું દુઃખ છે. તે જલદી કહો.

ખેડુતો—મહારાજા, અમારી માલ મત્તા જોઇએતો છેતરાં ને વાડીઓ છે. તેનું તો હવે હલ્લાનાદ જાય એટ છે. છેતરાંમાં તો માગ વનાં જનાવરાં ને પંખેરૂવાંનાં ઝાલાં ને ટોલાં આવે સોપાડીને પડીઆં છે.

હરીશ્ચંદ્ર—ખેડુ લોકો ગભરાશો નહી તમારા ખેતરોના કર બે વરસ સુધી માફ કરીશું.

પ્રધાનજી, સત્વર સૈન્ય લેઇને જાઓ, ને હું પણ આવી પહોંચુછું.

પ્રવેશ ૩ જો.

સ્થળ રંગ મહેલ.

નાગમતિ—પ્રાણનાથ હું પણ આપની સાથે આવીશ.

રાગ ખનજારો. [લાવણી]

હરીશ્ચંદ્ર—તું સાંભળને ગરા પ્યારી, કહું વાત તને વિસ્તારી;
અતિ કઠણ વનનું કામ, ત્યાં રહેવા નથી સુખ ઠામરે;
દીસે અરણ્ય મહા ભયકારી, કહું વાત.
ત્યાં વાઘ વરૂ રીંછ ડોલે, અતિ કડક શીંહ બહુ બોલે;
તેના શબ્દ લાગે ઘા કારી, કહું વાત.
ઘણું કઠણ વનમાં ફરવું, તન શીત ઘામ ઘણું સહવુંરે;

• તુજ તન કોમળછે પ્યારી, કહું વાત.

પદ રાગ ગરબી. પડવાની પડપીત એ રાહ.

તારામતી—હું નમીને કહુંછું નાથ, સાથે લેશોરે;
નીજ દાસી જાણી આપ, ના નહીં કહેશોરે.
આ જગતુ જીવન એક, કહુંછું માન્જેરે;
જેને પતિ તણો નહિ સ્નેહ, કુળ તેનું લાજેરે.

પ્રવેશ ૪ થો.

સ્થળ અરણ્ય.

ખેડુતો—મહારાજા જૂઓ પેલાં હરિ ઉભાં, તેમણે હમારી બધી હીમ ભેરી નાહી.

હરીશ્ચંદ્ર—પ્રધાનજી આપણી સૈન્યને લડવા હુકમ આપો.

મુખ્ય શીકારી—ઈંગ્રેજી વાજનમાં ગાવાનો રાગ.

ચાલો રણુ વીર ધીર, ધરો ધનુબાથા તીર;
દીલન ડરો લગીર, પાડો પ્રાણીઓનાં શીર.
તાતી તાતી ધારી તેગ, દોડી ઝાલી મારો છેક;
શોધી શોધીને સમસ્ત, મારો સાચવી શરીર.

(ગધ)—લડાઈ કરી અસુર લોકોને મારી કાઢે છે ત્યાર પછી વિશ્વામીત્ર-નું પ્રેરયું રાની ભુંડ આવ્યું તેને પણ એક બાણથી મારે છે. (સંક્ષેપ)

પ્રવેશ ૫ મો.

સ્થળ હરીશ્ચંદ્રની છાવણી.

હરીશ્ચંદ્ર— • રાગ આશા ગોડી.

સત્ય સદા સુખ કારી, જગતમાં સત્ય સદા સુખકારી. ટેક.
સત્ય થકી સુખ સંપત્તિ પામે, સત્ય મહા ભય હારી. જગ.
સત્ય સર્વે બંધ છોડાવત, સત્ય પરમ પદ ધારી. જગ.

સત્ય મહાન બનાવત જગકો, દારૂણુ દુઃખ નિદારી. જગ.
તેથી સજ્જે જન સત્યની સંપતિ, પ્રાણુ હુસે ગતિ પ્યારી. જગ.

હરીશ્ચંદ્ર—પ્રધાનજી, આ જગતમાં સત્ય સર્વથી મોટી વાત છે. પરંતુ આજની મૃગયાથી મને થાક લાગ્યો છે માટે સુઈ જાઉછું.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ છાવણી અંદરનો તંબુ.

હરીશ્ચંદ્ર—પ્રીયા સવાર થયું, માટે ઉઠોને? મને આજે સ્વપ્ન આવ્યુ તેથી કાંઈ અફસોસ જેવી વાત જણાય છે.

રાગ બનઝારો.

પ્રભુ અરજ મારી ઉર ધારી, જુવો નેક નજર વિસ્તારી. ટેક.
નથી સત્ય કદાપી હું ભુલ્યો, નથી અન્ય વિકારમાં ડુલ્યો;
નથી કર્મ કર્યું દુઃખકારી, જુવો નેક.
નથી ગૌ બ્રાહ્મણ દુઃખ દીધું, નથી વીત અનીતનુ લીધુ;
તો કાં આપો ભય ભારી, જુવો નેક.

તારામતી—રાગ ઉપરનો.

નહીં નાથ તમે ગભરાવો, ધરી હીંમત સાવધ થાઓ. ટેક.
નહિં પ્રભુ કરે અનીતિ, રાખે નીજ સેવકપર પ્રીતિ;
તેથી ધર્મ માર્ગે ધાવો; ધરી હીંમત.

હરીશ્ચંદ્ર—રાગ ઉપરનો.

સુણુ પ્રાણુ પ્રીયા મુંજ વાણી, ઇશ્વિરે દયા નવ જાણી. ટેક.
નથી સત્ય અરજ ઉર લેતા, નથી પાપીને દુઃખ દેતા;
પાડે છે સદા પરમાણી; ઇશ્વિરે.
આવ્યું અસુભ સ્વપ્ન મુંજ પ્યારી, ભય થાય વાત વિચારી;
દુઃખ અર્થ લીધે મુંજ લાગી; ઇશ્વિરે

તારામતી—પ્રાણનાથ, આપ ઉદાસ શા માટે થાઓછો આપને જે સ્વપ્ન આવ્યું તે દાસીને કહેશો.

હરીશ્ચંદ્ર—પ્રાણ પ્રીયા તને કહેતાં ભય થાયછે, ને તે શું સ્વપ્નછે તેની ખબર પડતી નથી.

તારામતી—સ્વામીનાથ, ત્યારે પ્રધાનને બોલાવો. એક સીપાઇને મોકલેછે, તે પ્રધાનને બોલાવી લાવેછે.

હરીશ્ચંદ્ર—પ્રધાનજી, આજ રાત્રે મુંને સ્વપ્ન આવ્યું; તે શો અર્થ દરસાવેછે તેની મુને ખબર પડતી નથી.

સત્યકીર્ત્તી—મહારાજા, આપને શું સ્વપ્ન આવ્યું છે તે મને કહી સંભળાવશો

હરીશ્ચંદ્ર—સાંભળો મારા પીતા મે મરણ પામેલા જોયા ને તેમના કર્મનું યાયીક તરીકે હું તેમના રાજ્યાસનપર બેઠો. ત્યાર પછી પાંચ સ્ત્રીઓ પરણ્યો, તેમાં એકતો મેં યોગીને આપી દીધી; બીજી હતી તે મારી ઇચ્છા ઉપરાંત પહેલીની સાથે ગઈ. બાકીની ત્રણમાંથી એક નાશી ગઈ. ચોથી આંધળી થઈ તેણે મને પણ તજી દીધો, માત્ર મને એકજ વળગી રહી; આટલું થયું.

સત્યકીર્ત્તી—થોડીવાર વીચારીને—મહારાજા આ સ્વપ્નનો ભયકર ભેદ છે, કે જે કહેતાં મને પણ ખેદ ઉપજેછે. ને આ સ્વપ્નનો ભેદ સત્વર ચાલશે, મહારાજા, સાંભળો, આપને મારી મતી પહોચે તેવો ઉતર આપું. પેહેલી સ્ત્રી આપે યોગીને આપી તે અયોધ્યા નગરી. ને તેની સાથેનો દેશ તે બીજી. અને આપનો પરીત્યાગ કર્યો તે તારામતી. ને જેણે અધાપો આપ્યો તે રાજકુમાર. માત્ર એકજ આપની સાથે રહી તે આપની નીતિ અહો દૈવ ત્યારે શું મારા રાજાના ભાગ્યમાં આવું લખ્યું છે? હે ઇશ્વર રક્ષા કરો.

તારામતી—હે પ્રાણનાથ, જ્યારે આપણા ભાગ્યમાં આવું લખ્યુ છે ત્યારે કોણ મીથ્યા કરશે?

પ્રવેશ ૭ મો.

સ્થળ અરણ્યમાં હરીશ્ચંદ્રની છાવણી.

વારાંગના— **ઠુમરી દાદરો.**

તેરી મધુરી મુરત મેરે મન બસીઆં,
મન બસી યાર દીલ બસી દીલદાર; તેરી મધુરી મુરત. ટેક.
સુંદર છબી તોરી, બીકલ ગતી મોરી, નેન જરાવતહી યરા હમારા;
અરજ એ મેરી ઉરન બીચ ધારી, દાસીકું દેખ પસાર હું પ્યારા; તેરી.

[ગદ્ય] વારાંગનાએ હરીશ્ચંદ્રના અંતઃપુરમાં દાખલ થવા માગણી કરી. પણ હરીશ્ચંદ્રે ના પાડી.

સત્યકીર્ત્તી—ગીતી. રાત્ય મૂરતી નૃપ આગળ, વારાંગના શું વદે વચન આવાં;
જે જોઇએ તે લે બીજું, અન્ય ભયને મુકાવા.

[ગદ્ય] વારાંગનાને કાઢી મૂક્તાં વિશ્વામીત્ર ક્રોધયુક્ત પ્રવેશ કરેછે.

હરીશ્ચંદ્ર—ગીતી. મહારાજ શેવક ઉપર, ક્રોધ ઘટે નહીં રૂપી રાય;
અધમ પ્રાણીઓ કેરી, પક્ષ કરી ન તપો હૃદય માંહી.

વીધીનાં કામ છે કેવાં વીધીનાં કામ છે કેવાં એ રાહ.

મેરી બીનતી સુનો રીષીરાજ, કરૂં નાક બે અધર્ગી કાજ. ટેક.
ચાય કાયા ચીરો મેરી, ડસાવો સાપ લે ઝેરી;
સહુ ગાય સબે દુઃખ આજ; કરૂ ના.
ચાય શીર કાટો ખંજરસે, નીકાલો પ્રાણ પંજરસે;
કહોતો જાઉં દેસ બેરાજ; કરૂના.

વિશ્વામીત્ર— હરીશ્ચંદ્ર જે તેં રાજ આપવાનુ કહ્યું, એ તે સત્ય કહેછે જો તારૂં કહેલું સત્ય હોયતો આ જળ હાથમાં લઇ સંકલ્પ કર.

હરીશ્ચંદ્ર—ગીતી, જે મુખ વચન હું કહુંછું, તેજ વચનનો ભૂદ નહી આવું
રાજ્ય સમૃદ્ધિઆપી, કહોતો આ વખતે જંગલમાં જાઉં

લ્યો આ જળ કર દઉંછું, રાજ્ય છત્ર સર્વે સુખ મારૂં;
અન્ય જોઇએતો લ્યો માગી, તનથી જે લાગે તમને પ્યારૂં.
(ગદ્ય) વિશ્વામીત્રને રાજ્ય છત્ર આપતાં હરીશ્ચંદ્રને પદ ભૂષ ણ કરી વસ્ત્રાલં-કાર ઉતરાવેછે, તે ઉતારી આપેછે.

રાગ મરેઠી ચાલની સાખી.

હરીશ્ચંદ્ર— બહુ દીન પેહેર્યાં પ્રીય ભુષણો, તમને તનની માહે;
બહુ દીન ધાર્યો શીર મુંગટ તુજ, પ્યારો ગણી મન માહે.
આજ તજુંછું સત્યને કારણ, દીલ દીલગીર ન થાજો;
કૌશીક મુનીના તનપર સોભે, ગુણ તેના નીત્ય ગાજો.
આવખતે સોભે મુજ સાથે, ભગવાં કરી ભલાઈ;
એથી હવે આભારી હું એનો, નીશદીન કહું ગુણ ગાઈ.
તારામતીને—પ્રાણ પ્રીયા ભુપણ પરહરીને મેલો મુંનીની પાસે;
એ ન સોભે હવે આપણને, રાજ્યની સાથ નીવાસે.
તારામતી— પ્રાણપતી આ રાખે તમારૂં, જે તન મન ધન મારૂં;
સત્ય તણા રક્ષણને અર્થે, આલ્યો હવે ઉતારૂં.
હરીશ્ચંદ્ર— ગીતી અરે હાર હાટકના, આ તક જા કૌશીક મુની પાસે;
સત્ય સંયોગ થકી હું, તુજ વીયોગથી નહીં થાઉં ઉદાશી.
જડીત કંકણ જાઓ, અન્ય અલંકારો ન રહો મનમાં;
અંબર અળગાં થાવો, કાશામ્બર ધારૂંછું હું તનમાં.
વિશ્વામીત્ર—હરીશ્ચંદ્ર, કંઈ તારે હવે રાજની આશાછે ?
હરીશ્ચંદ્ર—મહારાજા આ રાજ્ય આપને અર્પણ કર્યું, તેમાં મારૂં હવે શું છે? ફકત આપના હુકમ માટે ઉભોછું.
વિશ્વામીત્ર—હરીશ્ચંદ્ર તારૂં કલ્યાણ થાઓ:તું સત્યવાદીછે, માટે અયોધ્યા છોડી જાઓ.

(ગદ્ય) (હરીશ્ચંદ્ર જવા માંડેછે એટલે થોડે દૂર ગયા પછી.)

વિશ્વામીત્ર—હરીશ્ચંદ્ર, પાછો આવ, જરા ઉભો રહે. હજી તારે મારી સાથે હીસાબ પતાવવાનો બાકીછે. શું? તુ મને ભુલાવીને જાયછે. થોડા દીવશ ઉપર મે તારા સ્વાધીનમાં મારૂ સોનુ રહેવા દીધુછે તે આમ વેગળું મુકીદે.

હરીશ્ચંદ્ર—મહારાજા, આપને યજ્ઞ સારૂ મેં સોનુ આપવા કહ્યું હતુ તે આપજે રાજ્યના ધણી થયાછો,તેમાં બધુ સોનુ રહ્યુછે; મારીપાસે જે કંઈ હતું તે મે આપને અર્પણ કર્યુંછે.

વિશ્વામીત્ર—ખરીવાત, બધુ જ્યારે મને અર્પણ કરવામાં આવ્યું; ત્યારે, તારા સ્વાધીમાં મુકેલું સોનુ શું ગયું? તેમ છતાં તુ કહીદે, જે મારા સ્વાધીનમાં સોનુ મુક્યુંજ નથી. બોલ જુઠું.

હરીશ્ચંદ્ર— મહારાજા, એવી રીતનુ કથનતો હું કદી પણ કહેનાર નથી, આપનુ સુવર્ણ ચાહે તેમ કરીને પણ આપીશ, આપનું માણુસ મારી સાથે મોકલો.

વિશ્વામીત્ર— ભાઈ નક્ષત્ર, આ ત્રણ તારા કેદીછે, આપણું સુંવર્ણનું લેહેણુંછે તે હરીશ્ચંદ્ર પાસેથી થોડી મુદતમાં લેવું. હરીશ્ચંદ્ર, આ નક્ષત્ર સાંથે તમે જાઓ, મારૂ સુવર્ણ થોડી મુદતમાં આ નક્ષત્રને આપજે, ક્ષણ ભરપણ વાર કરીશ નહી.

હરીશ્ચંદ્ર—બહું સારૂ માહારાજા, મારી એક અરજ છે. કાશીપુરી જઈ અડતાળીસ દીવસમાં આપનું સુવર્ણ આપી વીદાય કરીશ.

વિશ્વામીત્ર—બહુ સારૂ ભાઈ, તેમ કરજે જો ત્યાં જઈ ફરી જતો નહીં નક્ષત્રને ભમાવીસ નહી. જા તારાપર અનુગ્રહ કરીને મુદત આપું છું. જો, હું કેવો દયાળુ છું.

પહેલું વિખુટો એ રાગ.

હરીશ્ચંદ્ર—હું જાઉછું પ્યારી પ્રજા, છોડી સૈ થી પ્યાર;

આણુ મારી હોયનિ' નમીને બારવાર; ટેક

પામ્યો પુરણ સુખ હું, બહુ દીન પ્રજાની સાથ;
આ વખતે જાઇએ એકલાં, ધરી ઈશનો આધાર હુંજા.

નથી રાજ્ય લીધું શત્રુએ, નથી જાતો બીને વન;
છોડું છું કારણ સત્યને ધરી ધર્મનો વિચાર; હુ જાઉ.

રાજ્ય ભક્તિ પૂર્ણઆ, કીધી પ્યારી પ્રજા;
સૌ જાઓ પાછા નગરમાં, વળાવીને આવાર; હું જાઉ.

આ વેશ જોઈ લેશકો, થાસો ના ઉદાસ;
ભાવી જેવું કર્મમાં, તે ભોગવુ નીરધાર; હુ જાઉ.

તારામતી—(શાણી પુત્રી પધારતું સાસરે.) એ રાહ.

માણી લીયુ સહુ જાવને, નીજ નીજ પ્રહ વાસ,
અમે નીરભાગી એકલાં, છોડી જઇએ અવાસ; ટેક.

રાજ્ય પાટ સુખ સપતી, તેનો છોડ્યો સંયોગ;
આજ અતીથી અમે થયાં, પેયાં જાલીમ જોગ; ગાણી.

લેખ લખ્યારે લલાટના, કરીશ શત્રુ કામ;
પ્રથમ દઇ મુજ સ્વપ્નને, દુઃખ આવ્યું શુ આમ; શાણી.

દીલ ન થસો દીલગીર કો, દુઃખ ધરસો ન લેશ;
કેવળ સત્યને કારણે, અમે જઇએ વાદેશ; શાણી,

સત્ય કીર્તી— **રાગ ગજલ ઇંદ્ર સભાની.**

આપ છોડીને જાઓ મહીપતી, મુજને કોનો આધાર;
દીલ તલફે છે મોલરૂ, રહેવું ઘણો ધીકાર.
નીમક તણો હું દાસ કહાવું, લઘુ શેવક નીરધાર.
હુકમ ઉઠાવા આપનો, દીલ કરૂં વીચાર.

ફરીશ્તઃ— **કહું કયા ફલાકા સતાહુમે.**

કહું તને હું શાણા મારા, ઉદાશ ન થાયે દીલમાંહે પ્યારા. ટેક.
દેવ ઇચ્છાએ આવી બને છે, તેમાં શોક તું શાનો ધરે છે; કહું.
ભળે શો નફો એ કરેથી શરમ, પોકારેથી દર્દ થાએ ન કમ. કહું.
સઘન વનમાં જવું છે હે પ્યારા, સાથે આવીને શું કરશો મારા;
નથી હાકેમ કે હુકમી તારો, વેશ બન્યો આ યોગી સગ મારો. કહું
હવે જાઓ મીત્ર નીજ ઘર માંહી, અધીક વખત ગુજરો ન આંહી.

સત્યકીર્તી— **સીતાજીના મહીનાનો રાગ.**

મારા શીરછત્ર ભૂપાળ, જુદો હું તો નહીં રહું;
આપ વીના ક્ષણ જુગ જાય, ઝુરી હું તો મરૂં.
ક્ષણ ક્ષણમાં કરતા વીલાસ, હાસ મનમાં ધરી;
આ વખતે જાતાં મહીપાળ, દયાના આવે જરી.
આવે સમે છોડે જે સંગ, પાપી તેને જાણવો;
કહે નીતિ અધર્મ અપાર, દુષ્ટ તેને ધારવો.
નીજ સુખે સુખ મુને થાય, દુઃખે દુઃખ ઉપજે
નથી મારો કંઈ અપરાધ, સે કારણ મુજને તજે.

ગીતી—સેહેર બળો ઘર બળજો, મરજો પુત્ર અને પત્ની મારાં;
સંપત્તિ સૌ બળી જાઓ, પણ ક્ષણ ભર નહીં રહું વીના તારા.
સુખ સમયના સહુ જન, વિપત્તિ વખતમાં રહે તેજ મીત્ર;
દુઃખ વખતમાં પરહરવો, તેતો કેવળ સ્વાર્થનું ચીત્ર.
બહુ દીન લીધું ખાધું, સુખ સંપત્તિમાં સહુ દીન ગુમાવ્યા;
તુજ સુખના દીન જાતાં, મુજ દુઃખના દીન આગળથી આવ્યા.
તુજ સુખ મુજ સુખ હોએ, તુજ દુઃખ મુજ દુઃખ એજ નીયમ નીત્યે;
તો ન ઘટે પરહરવો, સાથે લેવો ધરી રેમ ચીતે.

બાળકો— **ચોપાઇ ત્રીતાળની.**

મારા શાણા મીત્ર રાજન, ક્યારે મળશું હવે પાવન;
રોહીતાશ્વ જોઇ તારૂં મુખ, નીજ અંતર ઉપન્યું દુઃખ;
નિત્ય ભણતા નિશાળમાં સાથે, લેતા દેતા વસ્તુનીજ હાથે;
નીતિ ધર્મ વચન જે તારાં, નીજ શ્રવણે સાંભળતા પ્યારાં;

રાગ ઉપરનો

રોહીતાશ્વ—શોક સાનો કરો ઓ ભાઈ, વીધીની મીંત મટે ન કાંઈ;
દેવઇચ્છાથી મળવું પાછું, નીજ મુખથી વદી કહું સાચું;
કરજો સ્તવન પ્રભુનુ નીત્યે, આપો આજ્ઞા મુને આજ પ્રીતે;
જાઉ વનમાં થઇને મગન, પાળુ નીજ પીતાનાં વચન.

વિશ્વામીત્ર—હરીશ્ચંદ્ર હજૂ તુ રાજ્યમાં લોભાઇ રહ્યોછે કે શું? આ બધાં માણસોને ભેળાં કરી આના શાની કરે છે, તે તારી દુષ્ટ બુદ્ધિ થઈ કે કેમ? હજી પણ તારે રાજ્યની આશા હોય તો તું કહે જે મેં સંકલ્પ નથી કર્યો.

હરીશ્ચંદ્ર—મહારાજા, રાજર્ષી આ તુચ્છ વસ્તુમાં મારે કંઈ પણ આશા નથી. કેવળ આપના માણસનીજ રાહ જોવું છું.

વિશ્વામીત્ર—ભાઈ નક્ષત્ર, આ ત્રણને લેઇને જા જલદી કર. પરંતુ થોડોક ઓરોઆવ. જો ભાઈ તને એક વાત કહું તે સાંભળ મારો હેતુ એટલોજ છે કે ચાહે તેમ કરીને તેનો જુઠું બોલાવવું.

નક્ષત્ર—તેમજ કરીશ. શું હું જેવો તેવો છુંકી. અરે હરીશ્ચંદ્ર ચાલ જલદી કર.

અંક ૩ જો.

પ્રવેસ ૧ લો.

સ્થળ—અરણ્ય.

રસ્તામાં ચાલતાં વિશ્વામિત્રનો માયાવી તાપ.

રોહીતાશ્વ— **સહીયર દુખ શું દાખવું એ રાહ. રામગ્રી.**

કહું શું પીતાજી આ માહરા, તાપ કેમ વેઠાય.
ધરણી તપી છે આ કાળમાં, અગ્ની શમ દેખાય; કહું શું ટેક.
કેવી ગતી મારા કર્મની, વિધી કોપ્યા શું હાય;
પાપ પ્રગટયાં ગેલા જન્મનાં, દોશ કોને દેવાય; કહુ શું.

તારામતી— **રાગ સીતાજીના મહીનાનો.**

માહારા લાડકડા જોઈ આજ, દુખી થાઉં મનમાં;
પ્રગટયો દાવાનળનો દાહ, દુઃખ દુખ તનમાં;
તુજ તનની કોમળ દેહ, અતી કરમાય છે;
મારા બાળક જોઈ તાહરૂં દુખ, છાતી ફાટી જાય છે;

સત્યકીર્તી—રોહીતાશ્વ માહારા વાલા આવો આપને હું તેડું.

આગળ ચાલતાં પાણી ન મળવાથી.

રોહીતાશ્વ— **ચોપાઈ. ત્રીતાળ.**

પીતા મારા તરસ મુને લાગી, ચાલવાની ગતી મારી ભાગી
તરશે કરીને કંઠ સુકાયે, દેખી અરણ્ય મન મુંઝાયે;

સત્યકીર્તી—**ગજલ. અરે બાવા તું લે ભીક્ષા એ રાહ.**

અરે બાઈ ધરને તું ધારણ ધીર, આવી ગોમતી નદી આગળ વીર;
ફળ ફુલ લાવું જઈ તેણે તીર, સુખી થઈયે જઈને ત્યાં પામી વીસામ

હરીશ્ચંદ્ર વિગરે નદી ઉતર્યા બાદ;

રાગ કલ્યાણ ભોપાળ.

હરીશ્ચંદ્ર—પ્યારા પીશાચસુર, કર ભક્ષતું જરૂર;
દુખીયું મુજને બનાવ, આ દુખોથી દુર;
હું જેવો દુખીયારો જગમાં અન્ય હસે નહી કોઈ;
તે માટે તુજ ખાવા લાયક આ મુજ કાયા હોય; પ્યારા પીશાચ.
પુત્ર અને પ્યારી નારીને હું આ દુખમાં નાંખું;
સૌનો દુખનું કારણ હું છું, ખા આ તન મુજ આખું; પ્યારાપીશાચ
તારામતી—જો મુજ પ્રાણ પતીના તનને, લેશ ન દીજે આંચ.
ખા મુજને તુજ ભક્ષણ હું છું, પ્રેમે દુષ્ટ પીશાચ; પ્યારા.
સત્યકીર્તી—સત્ય તણો મહીપાળ એ છે, આંચ ન દેજે અંગ;
આ મુજ તન જે આનુ ખપનું છે, ખાતું અતી ઉમંગ; પ્યારા.
(માયાવી ભુત અદ્રસ્ય થતાં, વિશ્વામીત્રનો કરેલો માયાવી અગ્ની;)

હરીશ્ચંદ્ર—(ગદ્ય) જો આપણામાંથી કોઈનું બળીદાન આપવામાં આવે તો હમણાં અગ્ની દેવ શાંત પડે. માટે હે અગ્ની દેવ લે હુંજ તારો ભોગ થાઉં ભાઈ.

સત્યકીર્તી—અહો મહારાજા, જો આપ છવતા હશો તો જગત સમૃધ્ધિવાન થશે; અને વિશ્વામીત્રનું દેવું વળાશે. ને બળવા ગોગ્ય તો હુંજ છું.

રોહીતાશ્વ— **રાગ મરેઠી ચાલની સાખી.**

ઓ મમ પીતા ઓથછો મારી, મને તજીને કયાં જાઓ;
કરજોડીને હું કહું છું તમને, દુઃસહ દુઃખી કાં થાઓ;
આપ સુખેથી સુખ સંપત્તિ, આપ દુઃખે દુઃખ થાય;
આપું મુજ તનની, આહુતી હવે, અગ્ની અસ્ત થઈ જાય;

તારામતી— **રાગ ઓધવજીના સંદેશાનો.**

આ દીખતી ઝંપલાવું રે, બળતી આગમાં;

કોપેલા આ અગ્ની કરવા સાંત જો;
આહુતી આપુંરે, આ મુજ તનની;
તેથી શાંતી પામે વનની દેવજો, આ વખતે;
કુળ દીપક એ પુત્ર, તું છે માહરો;
ખર હવે તુ વાલા ધારણ ધીર જો;
મુજ તનથી પ્યારા તેં, સુખ શું ભોગવ્યું;
માટે રેજો તું તુજ પીતાની પાસજો, આ વખતે;
(ગદ્ય) હર હર અગ્ની દેવ, લે હુ તારો ભોગ થાઉં;
હરીશ્ચંદ્ર વીગરે એક દમ અગ્નીમાં પડે છે ને અગ્ની શાંત પામે છે.

અંક ૪ થો.

પ્રવેસ ૧ લો.

સ્થળ કાશીપુરીનો દેખાવ,

હરીશ્ચંદ્ર— **તોટક.**

મુજ પ્રાણ પ્રિયા તુંજ જોને ખરે, સુભ મોક્ષ પુરી તું નીરખ્ય અરે.
બહું ધામ બન્યાંજ વિચીત્ર સહી, ઉપમા મુજ મુંખ ન જાય કહી;
પ્રીય નાથ ઉમા પતી ધામ જહાં, અતી શોભીત બાગ બન્યાજ તહાં;
ગંગા ઘાટ શું સોભીત તેજ અતી, બહુવાર કહું શું અતીજ કથી.

સત્યકી—શીવાલય છેક પાસે આવવાથી; ચાલો આપણે દરસાન કરીએ;

જાય છે. **રાગ હીંદી.**

હરીશ્ચંદ્ર—હે વીશ્વનાથ, અરજ ઉર ધારો. નીજ દાસ જાણી અર-
જએ સ્વીકારો. ટેક.
બહુ કષ્ટ પામી આવ્યો આપ પાસે;

જોઈ મોક્ષપુરી દુઃખ સહુ તે વામે;
શાંતી પામ્યો આવી સુભ ટાંગે, હે વીશ્વનાથ;
વીપ્રતું જે રણુ શીર મારે ભારે, તેથી નાથ હવે તેતું ઉભારે;
વીનતી કરૂં આવી શર્ણુ તારે, હે વીશ્વનાથ;
અકળ ગતી નાથ અતી તમારી, મંદ બુદ્ધિ આધીન દુઃખીત મતી મારી;
અકથ ગતિ કર્મની વિચારી, હે વીશ્વનાથ;

નક્ષત્ર—ગયો અરે મુર્ખ તું આશું કરવા મંડી ગયો છે? મુકી દે આમ મારું સોનું નહી તો કહે કે આપતું કરવું નથી શું તારી પછવાડે હું ભુખે મરૂં?

હરીશ્ચંદ્ર—ભાઇ, તારૂં સોનું છે તે હું ના કહેનાર નથી. તેમજ અસત્ય વચન બોલનાર નથી, લગુ વીલબ કર હમણાં હું તારા સોનાને માટે પ્રયત્ન કરૂં છું.

હરીશ્ચંદ્રને નક્ષત્રે દુઃખ દેવાનાં હથીઆરો લાગુ કર્યાથી તારામતીને અને રોહીતાશ્વને વેચવા જાય છે.

નક્ષત્ર—તું ચાહે તેમ કર, પણ મારૂં સોનુ તું આપીદે;

હરીશ્ચંદ્ર—તારામતી તથા રોહીતાશ્વને માથે ખડનું તરણું મુકી વેચતાં.

રાગ માઢ.

વેચું સત્યને કારણે, મમ પ્રાણ પ્યારી આજ; ટેક.
બ્રાહ્મણથી ભય પામ્યો છું, ધારી ધર્મ વિચાર;
ઉતેજન થઈ આ સમે, કરો આ દુઃખીઆની વારરે; મમ.
જે કર ઝાલી લગ્ન કીધાં, આ સુંદર પાપી સાથ;
તે કર ઝાલી દાસી કરવા, સોંપું મારે હાથરે; મમ.
કુળ દીપક જે પુત્ર પ્યારો, પ્યારી પ્રાણ આધાર;
કેવળ બનીને કશાઈ હુતો, વેચું છું હું આ વારરે; મમ.

ગુણુપતા ગ્રાહક બનીને, આવો સૌ આ કાળ;
ખાંતે કરો ખરીદકો, દુષ્ટ વણીકનો માલરે; મમ.
ગધ અગ્નીસેન તારામતીને તથા રોહીતાશ્વરને, વેચાતાં લેઈ હરી-
શ્ચંદ્રને કેટલુંક સોનું આપે છે.
તારામતી—જુદાં પડતાં પડું છું વીખુટો પ્રીયા એરાહ.
હરીશ્ચંદ્ર—મુંજ મુખથી ના કહેવાયરે, હવે જા તું પ્યારી નાર;
તારામતી—હુકમ ધરી માથે આપનો, સ્વામી જાવું છું આવાર; ટેક.
હરીશ્ચંદ્ર—છેક હું તો કશાઈ છું, કરયું ધાતકી કામ;
દાસી થાવાને મોકલું, મુજ પ્રાણની આધાર; મુજ મુખ.
તારામતી—પ્યારા એ કહેશો નહી, મુજ તનડું થાયે ખાખ;
ફાટે છે છાતી આપના, વિયોગથી આવાર; હુકમ ધરી.
હરીશ્ચંદ્ર—પુંત્રને નારી પ્યારીને, વેચ્યાં નીજ હાથ;
ધીટકાર મારા કર્મને, બહુવાર છે ધીટકાર; મુજ મુખ.
તારામતી—સત્ય સારૂં સર્વ આ, કષ્ટ પામવું ઉચીત;
અનાથ થઈ એવું ના કહો, મુખથી હૈયાના હારરે; હુકમ ધરી.
હરીશ્ચંદ્ર—મુજ સાથે કરી લગ્ન પ્યારી, આ દુઃખ શીરપર લીધ;
સુખ સાધન નહી શાંપડયાં તુને, નાંખી દુઃખ અંગારરે; મુજ પ્રાણ.
તારામતી—સ્વામી સુખે સુખ સંપત્તિ, સ્વામી દુઃખે દુઃખ દીન;
પતીવૃતા જે પ્રેમદા, તેનો એજછે આચારરે. હુકમધરી.
હરીશ્ચંદ્ર—પાપ પેલા જન્મનાં, દેછે આવી દુખ;
લખેલ વેઠી છુટવું, મુકીદેને ગાંસા જાળરે. મુજપ્રાણ-
તરામતી—કષ્ટથી હું ડરતી નથી, શીર ઉગ્યાં મોટાં ઝાડ;
હવે ક્યારે મેળાવશો, સ્વામી એજછે વીચારરે. હુકમ,
હરીશ્ચંદ્ર—ભાવી લખ્યું જે લેલાટમાં, ભગશું સર્વે સાથ;
નહીતો છેલીવારના, મુજ પ્યારી નમસ્કારરે. મુજપ્રાણ.

તારામતી—કઠણ વાક્ય સુણ્યાં અરે, પાપી પ્રાણ ન જાય;
આ ગગન કાં નથી તુટતો, અવની ગ્રહેના આવારરે. હુકમ.
(તારામતી મુરછા ખાઇ પડેછે તેને સાવધ કરતાં)

હરીશ્ચંદ્ર— **રાગ આશા ગોડી.**

સાવધ થા મુજ પ્યારી, હીંમત ધરી સાવધ થા મુજ પ્યારી. ટેક.
વીરંચી વીયોગનું, મહા દુઃખ દેવા; લેખ લખ્યા દુઃખકારી. હીમત.
આજ ઉપાય રહ્યો નથી એકે, હવે તે લે શીરધારી. હીંમત.
તવ ગતિ દેખી મમ હૃદયમાં, લાગે પ્રીયા ઘા કારી. હીંમત.
શીરપર કાળ ઝુક્યા પછી મનમાં, જહાંગે ન હીંમત હારી. હીંમત.
શ્રી પ્રભુ સાથે સત્યની કરશે, રાખ્ય ભરૂસા ભારી. હીંમત.

તારામતી મુર્છામાંથી ઉઠીને—રાહીઅર દુઃખ શું દાખવું. રામજી.
પાપી દેવે દયા નવ કરી, કીધું ઘાતકી કામ;
પતીથી વીયોગ પડાવીઓ, ઇશ્વર કીધું શું આમ. પાપી.
લગ્ન ગાંઠછે સ્નેહની, સુખ અંતની કાજ;
એ ઘટીત બન્યું મારે આ સમે, છોડી જાવું હું આજ. પાપી.
સ્ત્રીને સુખછે પતી તણું, અન્ય દુખ સમાન;
સ્વામી તજી જાતાં મુજને, રેતી નથી કાંઇ ભાન. પાપી
હવે મળશુ ક્યારે નાથજી, જોડી કહુંછુ હુ હાથ;
દાશી કરીને આપની, ક્યારે લેશોજ સાથ. પાપી.

રોહીતાશ્વ—(વખુટા પડતાં)—**રાગ સોરઠ.**

હે તાત સાથે લેશો, જાણી બાળક ના નહીં કહેશોરે. હતો.
હું જીવુંછું આપ આધારે, મારે ન અળગા થાશોરે. એ તાત.
અતી શંકટ પડયું શીર મારે, તેથી અરજ ઉરમાં લેશોરે. હે તાત.

હરીશ્ચંદ્ર—[મુર્છામાંથી સાવધ કરતાં]
ગીતી—થા સાવધ મુજ પ્યારા, અઘટીત આશું રૂદન કરે ભાઈ;

ક્ષત્રી પુત્ર થઇને તું, કાં ધરતો નથી દ્રઢતા દીલ માંહી.

રોહીતાશ્વ—**મરેઠી ચાલની સાખી.**

એ મુંજ તાત કહો નહી એવું, હું તો કદી નહીં જાવું;
નીરભાગી હું દુર રહીને, દુરાલ દુઃખી નહીં થાવું;
આપ જહાં છો ત્યાં મુંજ અહ્યો, અરણ્ય અન્ય મુકામ;
આપ સુખે તન મન સુખ પામે, આવર સુખો દુઃખ ધામ;
મુજ તન પાળકછો પીતું મારા, ક્ષણ ભર નહીં કરો ન્યારો;
આ કઠણ દીલ કેમ કર્યું છે, તનથી હતો હું પ્યારો;
ન ધટે મુંજને જાવું તજીને, સત્યવાદી કુળ આપ;
દુર થવાનાં વચન વદીને, મુકોમાં શીરપર કાપ;
આ ઘડી જાવું છોડીને તમને, એ નહીં હવે તો થાય;
આપ વીગોગથી આ મુંજ તનના, રાત દીવશ નહીં જાય;
છોડો નહીં મમ તાત કૃપાળુ, કહું છું જોડીને હાથ;
પ્રેમ કરી પાળ્યો છે પ્રથમથી, આજ કરો ના અનાથ;

સત્યકીર્તી—(હરીશ્ચંદ્રને પોતાને હાથે વેચવાનું થતાં.)

શાણી સ્ત્રીયું જાવને એ રાહ.

આ ગતી કયાં લખી ઇશ્વરા, ભુંડા ભાગ્યની માંય;
વીક્રય કરશોરે નરેશનો, મુજ હાથથી હાય; આ ગતી.
દાસ હજાર હાજર થતા, જે હતો શીરતાજ;
એજ થયો દાસ અન્યનો, આતે શો ઉતપાત; આ ગતી.
હું દુરભાગી દુઃખી થતો, જોઉં નીજ નેત્ર આજ.
આવો બનાવ અગાઉથી, મૃત્યુ દેવાણુ આજ; આ ગતી.
શીદ જણ્યો મુજ જનુનીએ, કરવા અપકીર્ત કામ;
જીભ ડુટે એ વચન કહે, બનું નીર હરામ; આ ગતી.

નીસ દીન જેના પ્રતાપથી, પામ્યો સુખ અપાર;
હવે એનું વેચનાર હું, ધીક મુજ અવતાર: આ ગતી.

(હરીશ્ચંદ્રને વેચવા માણસોને ભેગાં કરી ગાય છે.)

રાગ મરેઠી ચાલની સાખી.

ભુપતી મહામણી, રૂપ મહાબળ, અવધ તખ્ત મહારાજ;
એની પદભ્રષ્ટ કીધી તણું યોગે, હવે વેચાય છે આજ;
ક્રુર નશીબની કૃતી ભાઈ જુઓ, શું તે કર્યો ફેરફાર;
પુત્ર પત્નીને પ્રથમજ વેચ્યાં, પણ ન મટ્યો દેવાદાર;
સહન કર્યા દુઃખ અગણીત અંગે. આવ્યો આગતી માંય;
ફરી હેતે કૌશીક મુનીનું ક્રુર દશાથી વેચાય;
હવે ભણો તમે ગ્રાહક કોઈ, ગુણવંતા પુરજન;
ક્ષણે ક્ષણે આ વચનજ કહેતાં, બળાય મારૂં તન:

અંક ૪ થો. પ્રવેશ ૨ જો.

સ્થળ કાશીપુરીનું સ્મશાન.

હરીશ્ચંદ્ર—કાળસેન સમશાનની ચાકીનું કામ શોંપતાં ત્યાં રહેવા માટે ઝુંપડી બનાવતાં ગાય છે.

રાગ બનઝારા [લાવણી.]

શું વર્ણવું રસના મારી, તકદીર બુડાઈ તારી; ટેક.
દીધું પ્રથમ દેશનું રાજ, આપ્યા મન ગમતાં સુખ સાજ:
વળી ક્ષણમાં લીધાં ઉતારી. તકદીર.
નર નાહ પ્રથમથી કીધો, જાંહાંગીર હુકમ કર દીધો;
પણ કર્યો અરે ભીખારી, તકદીર.
સુખ રૂપી કુટુંબી બતાવ્યાં, વળી પુત્ર પ્યારી વેચાવ્યાં;
થઇ ર નીચ દાસ પદ ભારી, તકદીર.

વળી સુખ સંપતિ દીધી, અવનીમાં જાહેરતા કીધી;
હવે કર્યો સ્મશાન વીહારી, તકદીર.

સત્યકીર્ત્તી—(હરીશ્ચંદ્રને શોધતાં) ગાતો પ્રવેશ કરે છે.

પદ છું વિખુટો પ્રીયા. એ રાગ-

સોધી હું થાકયો પુરમાં, મુજ રાજવીને આજ;
મળ્યો ન પ્યારો મુજને, હવે શો કરૂં ઇલાજ. ટેક.
થયોછું હું જુદો જ્યારથી, તે ઘડીથી હું એ હાલ;
હવે કયાં જાઉં કહું કોને, મળે જેથી મારો રાજરે. શોધી.
આપ્યો છે ક્ષુરા વેશમાં, ક્રૂર કાળસેન હાથ;
પામ્યો હશે દુઃખ એ ઘણું, ઠગી એ પાપીનુ કાજ. મ.

(ગદ્ય) સત્યકીર્ત્તીએ શેહેરમાં ફરતાં ફરતાં દુર ઝુંપડી દીઠી તેથી ત્યાં જાય છે.

હરીશ્ચંદ્ર—મીત્ર, તમે વળી અહીં શા માટે આવ્યા? પાછા અયોધ્યા જાઓ, ને તમારા કુટુંબીઓની સંભાળ લો.

પદ રાગ રામગ્રી.

સત્યકીર્ત્તી—સૈયર દુઃખ શું દાખવું, એરાહ

હવે ન તજું મહીપતી તુને, થાવાનુ જે થાય;
ક્રૂર ગતિ મારા કર્મની, જોઈ કેમ છોડાય. ટેક.
તુજ સુખે સુખ છે મુને, અન્ય સુખ દુઃખ થાય;
પડતાં સંકટ સહીશ તે, હવે રહીશજ આંય. હવે.

પ્રવેશ ૩ જો.

સ્થળ કાશીમાં અગ્નીસેનનું ઘર.

અગ્નીસેન—દાસી, તારા છોકરાને બોલાવી આ છોકરા સાથે સીમમાં મોકલ. જે ત્યાં જઈ બીલીપત્ર તથા દાભ લેઇ આવે.

તારામતી—ઠીક મહારાજ, આપનો હુકમ ફરમાવવાને દાસી હાજર છે.
(રોહીતાશ્વને બોલાવી બાળકો સાથે મોકલતાં) રાગ દક્ષીણી લાવણી.
પુત્ર માહરા, કહુંછું રે ખરે;
અરર હાય, હવે શું થાય, વન તું જાય, મન મુંઝાય, તુજ વીના અરે. ટેક
તાત તાહરા, તજીને તો ગયારે;
વીકળ થાવું, હવે ક્યાં જાવું, અંન ન ખાવું, તુજ વીના ખરે;
રેહેજો સૌની સાથ, બાળ મારારે;
રક્ષેતન, મે જો ધન, થાય મગન, કહુ વચન, પુત્ર એક મારેરે. પુત્ર
શત્રુનું છે જોર, શીર તે તારેરે;
પુત્ર મરાળ, તાપુછું બાળ, લેજો સંભાળ, વળજો તતકાળ, વાલા મારારે.

રાગ ચોપાઇ.

રોહીતાશ્વ—(અરણ્યમાં રોહીતાશ્વને સર્પ ડસતાં)

મમ મીત્ર આવો મારી પાસ, થાય આત્મા મારો ઉદાસ;
આજ ડસીયો છે વીષધર મુને, તેથી કહુંછું વાત હવે તમને. ૧
રેતી નથી હવે કાંઈ ધીર, ભમી જાય છે મારૂં તે શીર;
કેજો માત મારીને જાઇ, હસ્ત જોડીને કહુંછું હે ભાઈ. ૨
કેહેજો સમજાવીને વાત, કરવા દેશો ન દેહની ઘાત;
મુંજ માતુ ન થાય ઉદાસ, રોહીતે કીધો વાસ કૈલાસ- ૩
મારાં નેત્રમાં આવે છે વારી, મારો સ્વર થયો છે ભારી;
નથી લેવાતાં સૌનાં નામ, મીત્ર છેવટના છે પ્રણામ. ૪.

રાગ મરસીયો.

રૂપી પુરો—[રોહીતાશ્વ પાસે આવીને]

ઓય હાયરે મીત્ર ગયોરે કૈલાસે, એની માતુ હશે જો ઉદાસરે ઓય. ટેક.
હસતુ વદન દીઠું તું મેં હમણાં, નથી રૂપ તાણી કાંઇ મણા;

જુઓ બાહુ વીશાળ તે તાણુરે; ઓય. 1
ભાઈ આતમ ગયો છે જો ગાલી, પડયું પીંજર હવે તે જો ખાલી;
હવે નીકળો આંયથી ચાલીરે; ઓય. ૩

પ્રવેશ ૪ થો.

સ્થળ અરણ્યમાં રોહીતાશ્વનું સબ ને સ્મશાન.

(રોહીતાશ્વનું મરણ સાંભળતાં અગ્નીસેનની રજા માગી તારામતીનું અરણ્યમાં જવું.

રાગ રામગ્રી.

તારામતી—પુત્ર મારા મુકી ક્યાં ગયો, કીધી એકલડી માત;
જોતી હતી વાટ તુજની, કરતી આંસુ પાત. પુત્ર૦ ૧
આ વખતે મુકી એકલી, કીધી મુજને નીરાશ;
નાત તાગે દુઃખ દાખશે, ધરશે મનમાં ઉદાસ. ૨
કુળ દીપક કુંવર માહરા, છોડી આવ્યો વનવાસ;
દયા ન લાવ્યો તુ દીલમાં, કીધો સુરપુર વાસ. પુત્ર ૩
રસનાએ રટતી તુજને, ભમતી વેરણ રાત;
બાલા દેખો દે આ સમે, નહીંતો કરૂ દેહ ધાત. પુત્ર. ૪

(રોહીતાશ્વનુ સબ લેઈ તારામતીને સ્મશાનમાં જવું ને સ્મશાનનો કર ન આપવાથી હરીશ્ચંદ્રે દાહ દેવાને માટે ના કહ્યું) તેથી—

છંદ લલીત.

અરર હાયરે, નિર્દે થાયરે, કહ્યું તને ખરે થાતુ સહાયરે;
અજાણતી અરે, ચીત્તનું ધરે, કારણ આમ શું મનને કરે.
સર્પ વિખથી મર્ણ પામીયો, દહન કાજ તે આંહી મુકીઓ;
ત્રીશંક પુત્રનો પુત્ર છે ખરે, અવધ ભાનુ તે અસ્ત થાયરે.
વિનતી માહરી ચીત તું ધરે, અગ્નિથી જાળીને છોડ હોલરે.

અવધિ બાંધીને માર્યાધું ખરે, વખત જાય તો શ્રાપ તે ધરે. ૩

હરીશ્ચંદ્ર—[ગદ્ય] હે સ્ત્રી, તુ કહે છે કે મારી પાસે કર આપવાને માટે કંઇ નથી. પરતુ હું જોઉછુ કે તારા ગળામાં સોનાનો હારો છે, તે તુ વેચી નાંખીને મારો કર આપી દે.

તારામતી—અરે આતે શું કહેવાય, ત્રીશંકુના પ્રતાપવાન પુંત્ર વિના આ જ લગી બીજા કોઇના જોવામાં આવ્યો નથી; એવો લગ્ન મંગળ હારો આજે તારી નજરે પડ્યો ? અરર પતીએ મને તજી દીધી, મારો પુત્ર મરણ પામ્યો. તેમ છતાં પણ શુ હું આ વેળાએ ઉઘાડી પડું ? હે ઈશ્વર, મારા દેહનો અંત લાવ.

હરીશ્ચંદ્ર—[પાસે જઈને આશ્ચર્ય પામી] અરે તુ કોણ, અભાગી હરીશ્ચંદ્રની પ્રીયા ? ને આ તેનો કુમાર ? હા-

તારામતી—હા. હુ નીભાગીને, પતી, પુત્ર વીગેરેનો સંયોગ અંત વખતે પણ મળ્યો નહીં. હે પ્રભુ, તારી ગતી ગહન છે.

હરીશ્ચંદ્ર—ઓ મારી પ્રાણ પ્રીયા, આતે શુ કહેવાય ? આપણા રોહીતનું આવું અકાળ મૃત્યું થયું ? આ શો ગજબ ! પરતુ હે સ્ત્રી, એવો મારો ધર્મ છે કે હુ તને આ ઠેકાણે રોહીતાશ્વને દહન કરવા હુકમ આપી શકુ તેમ નથી. માટે તુ તારા શેઠ પાસે જા, ને મારો કર આપી ખુશીથી અગ્ની દાહ દે.

તારામતી પાછી નગરમા પેસ્યા જતા હતી તેવામાં કાશી રાજાના પુત્રનુ મરણ થયું તેનો આરોપ તારામતીપર આવવાથી કાશી રાજાએ તેના શીરચ્છેદનો હુકમ કર્યો તેથી કાળસેન તેને લઇ જાય છે. ને હરીશ્ચંદ્રને સોંપે છે.

પ્રવેશ ૫ મો.

સ્થળ સ્મશાન.

તારામતી—(શુધીમાં આવીને)— કોણ મારા પતી? આપની ધીરજ જો-

છંને હુ રાજી થાઉછું મારૂ દુઃખ મટાડવા આપની સમશેરથી મારૂં માથું ઉડાવીદ્યો.

હરીશ્ચંદ્ર—મારી પ્રાણ પ્રીયા, આ જગતમાં રેહેવાને તારે માટે જે દીવસ ઠરાવવામાં આવેલા છે તે હવે થઈ ચુકયા. માટે તું સત્વર પરમેશ્વરનું સ્મરણકર.

રાગ આશા ગોડી.

ધીરજ હવે તુ ધરને, પ્યારી મારી ધીરજ હવે તુ ધરને; ટેક. ૧
સુખના સિંધુ પ્રભુ છે પ્યારા, સ્તવન તેનુ તું કરને પ્યા;
વીધી ગતી ભારી લખી ગતી મારી, નીશ્ચય મનમાં તું કરને પ્યારી ૩
જે કર ઝાલી કીધાં લગ્ન વાલી, તે કરથી હણું તુજને પ્યારી; ૪

(તરવારનો પ્રહાર કરતાં વિશ્વામીત્ર વેશ કરીને.)

વિશ્વામીત્ર—અરે ઘાતકી હરીશ્ચંદ્ર, જવા દે, તુ શું આ ગરીબ બાયડી કતલ કરે છે, બોલી દે હમણાં જુઠ. પછી જો કે હુ કેવો તારી ભ... છલી સ્થીતીમાં પહોંચાડુ છું.

હરીશ્ચંદ્ર—ગીતી—ચાર વાર જે કઠણ વચન આ, કહો નહી નીજ મુંખથી આપ;
તે કરવા નહીં તત્પર થાવું, ચાહે મુકો મુંજ શીરપર શ્રાપ;

વિશ્વામીત્રનુ અયોગ્ય વચન માન્ય ન કરતાં ફરી જેવા શીરચ્છેદ કરવા જાય છે કે અંતરીક્ષ શીવ દર્શન આપે છે.

શીવ—ધન્ય હરીશ્ચંદ્ર તારૂં સત્ય જોઈ હું પ્રસન્નથયુ માગ માગ.

હરીશ્ચંદ્ર—શ્રીરામચંદ્ર કૃપાળુ ભજ મન હરન ભવ ભય દારૂણું એ રાહ.

શ્રીવીશ્વનાથ અનાથ સાથે, સૈલ્ય કન્યા શોભીતમ્;
ધરી ભુષણ સાર, કરાળ વ્યાલ શીર ગંગ જોઈ મન લોભીતમ્;
પદપંક અંક ધરી રંક મન, સુખ વાનતી મુખ ઉચારી તમ્;
માગુ વચન આજ મારી કાજ, તવ ભક્તી મન મહ ધારીતમ્. ૧

શીવ. (હરીશ્ચંદ્રને, તારામતીને તથા રોહીતાશ્વને અને બાલકને

અયોધ્યાની ગાદીપર મોકલે છે તથા કાશી રાજાના પુંત્રને સજીવન કરી ઘેર મોકલે છે.) (શીવ અદ્રશ્ય થાય છે.)

રાગ કલ્લાંણ.

પાત્રજનો—પ્રીય આર્ય બંધુઓ, કહુંછુંરે અમો;
અરજ કરી આપનેજ, વીનવું અમો; પ્રીય ટેક. ૧
કૌશળ દેશ તણો મહીપતી જે, હરીશ્ચંદ્ર કેહવાય;
તેહ તણું આ નાટક જોતાં, આનંદ મનમાં થાય; પ્રીય. ૨
તણો સરશીર ધરીને, કીધો જશ વિસ્તાર;
આ ગાયન રચવા, મનમાં કીધો પ્યાર; પ્રીય ૩
સૌ માફી કરશો, દોષ ન ધરશો આપ;
કાવ્ય પીંગળ હું કાંઈ નવ જાણું, કીધા રાગ અમાપ; પ્રીય. ૪
સ્નેહ ધરી સૌ સજ્જન પ્રત્યે, છેલ્લા છે પ્રણામ;
આદ્રા મધ્યે ગાયન રચીઉં, રામચંદ્ર મુજ નામ; પ્રીય. ૫



અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર ગ્રહ-

સ્થોનાં નામ.

સોજીત્રા.

૨૦ પટેલ તળશીભાઈ હરીભાઈ
૨ પા. ઘાભાઈ શામળભાઈ
૧ પા. ઈશ્વરભાઈ ઝવેરભાઈ
૧ પા. શંકરભાઈ દેશાઈભાઈ
૨ કડીયા તળસી નારણદાસ
૨ પા. શીવાભાઈ હરીભાઈ

ગાડા.

૪ પા. કીસાભાઈ શામળભાઈ
૨ શા. ચુનીલાલ ફુલચંદ
૧ શા. મોહનલાલ નારણદાસ
૨ પા. ઉમેદભાઈ દવારકાદાસ
૧ પા. પરભુદાસ જેઠાભાઈ
૧ પા. પરભુદાસ રામભાઈ
૧ પા. પરભુદાસ કુબેરભાઈ
૧ પા. રણછોડભાઈ કુબેરભાઈ
૧ પા. કાશીભાઈ ગેનાભાઈ
૧ પા. ભીખાભાઈ માનદાસ
૧ પા. બાઈલાલ જીજીભાઈ
૧ સોની દાજી ઝવેરભાઈ
૧ પા. દેસાઈભાઈ સવદાસ
૧ પા. મણીલાલ બાઈલાલ પટેલ
૧ પા. અંબારભાઈ જીવાભાઈ "
૧ પા. બાઈલાલ ઝવેરભાઈ કરમસદ
૨ શેવક રામલાલ રઘુરામ દવારકાં.
૨ શેવક રાધેલાલ પુરણદાસ "
૨ શેવક કલ્યાણદાસ રઘુનાથદાસ

અમદાવાદ.

૨ ખાડે નારાચંદ મો
૧ પા. લલુભાઈ "

પાણશીણ

૨ રાવળ ગવરીશંકર નથાનંદ
૨ શા ઉકા ગકલ
૧ શા ભુરા દેકા
૧ શા નાગુ મેતા

લીંબડી.

૨ શા દેવકરણ મેઘજી
૨ વૈશ્નવ વિશ્રામદાસ મનોરદાસ

અહમદનગર

૨ સાધુ મોહનદાસજી કેસવદાસ

વાડીઆ

૪ બાદારાણા અમરસીંહજી
૩ દવે કલ્યાણજી
૧ ઠકર રામજી વશરામ ધોરાળા

સુચના—જે કોઈ નાટક કંપનીવાળાને આ નાટક ભજવવાની ખાસ ઇચ્છા હોય તો કરતા અથવા પ્રસીદ્ધ કરતા તરફથી કાર્ડ લખી ખુલાસો મેળવવો જવાબ માટે અરધા આનાની ટિકટ બીડવી.

જાહેર ખબર.

સર્વે સદ ગ્રહસ્થોને ખબર આપવામાં આવેછે કે આ હરીશ્ચંદ્ર નાટકનાં ગાયન નીચેને ઠેકાણેથી મળશે ૧૦ પ્રત લેનારને ૧ પ્રત ભેટ આપવામાં આવશે.

શેવક. રામલાલ રઘુરામ, બેટસખોદ્ધાર ઠે. લક્ષ્મીજીના મંદીરમાં

રાવળ. ગૌરીશંકર પ્રેમાનંદ પાણશીણા પ્રાંત લીંબડી.

પા. તળશીભાઈ હરીભાઇ મુ. ગાડા તાલુકે પેટલા

જથાબંધ ચોપડીઓ કરતા તથા પ્રશીધ્ધ કરતા તરફ

આ શીવાય હમોએ "વૈશ્નવ દર્પણ" નામનું સંસ્કૃત ટીકા સહીત, પુસ્તક રચવા માંડયું છે જેની અંદર ચાર સંપ્રદાયનાં પ્રમાણો તથા તેમની વંશાવળી તથા સર્વ જ્ઞાતીના બ્રાહ્મણોની વશાવળી નીંબારક સંપ્રદાયથી થોડા દીવસમાં છપાઈ પ્રશીદ્ધ થશે. વાંચવાથી તેમ સમજવાથી ધર્મ હીત કાર્ય થશે. આની કીંમત પુસ્તકના કદના પ્રમાણમાં રાખવામાં આવશે. માટે જેમને ગ્રાહક થવાની ખાસ ઇચ્છા હોય તેમણે નીચેને સરનામે પત્ર લખવો સર્વ પ્રકારનો ખુલાસો ગોરટપેડ કાગળથી આપવામાં આવશે નોટપેડ કાગળ લેવામાં વશે નહીં.

જીવાભાઇ વલ્લવભાઇ સહી

મુ. ગાડા તાલુકે પેટલાદ.